# એડમિશન લેતાં પહેલાં વિચારવા જેવા મુદ્દા

બે દિવસ પૂર્વે ધોરણ બારના વિજ્ઞાનપ્રવાહનું પરિણામ આવી ગયું. પરિણામથી સંતોષ-અસંતોષ વચ્ચે પણ નવો પ્રવેશ ક્યાં લેવો તેની ગડમથલ અનેક વિદ્યાર્થીઓ અને વાલીઓ અત્યારે કરી રહ્યાં હશે. ત્યારે વિદ્યાર્થી અને વાલીઓનું કેટલીક બાબતો પ્રત્યે ધ્યાન દોરવાનું મન થાય છે, જેથી આજનો વિદ્યાર્થી પણ ભવિષ્યનો  વ્યાવસાયિક વ્યક્તિ દુ:ખી ન થાય અને પોતાના જીવનમાં સરળતાથી સળફતા હાંસલ કરી શકે.

મોટાભાગે એવું જોવા મળે છે કે, મોટાભાગના વિદ્યાર્થીઓ નવો પ્રવેશ ક્યા પ્રવાહ કે કયાં લેવો તે માટે અન્ય વ્યક્તિની સલાહ પર આધાર રાખતાં હોય છે. એટલે કે પરિણામ આવી ગયા બાદ પોતાના સગાં કે મિત્રવતૃળમાં ફોન કરીને કે રૂબરૂ મળીને પૂછપરછ કરતાં હોય છે કે, આટલા ટકા આવ્યા છે તો પ્રવેશ શેમાં લેવો અને ક્યાં લેવો. હકીકતમાં ત્યારે બને છે એવું કે, જેની પાસે માર્ગદર્શન મેળવવામાં આવે છે તેમાંથી મોટાભાગના લોકો માર્ગદર્શન આપવા માટેની જરૂરી લાયકાત ધરાવતા જ હોતા નથી. એટલે કે તેઓ પાસે એવો કોઇ મોટો અનુભવ હોતો નથી કે તેઓનું માર્ગદર્શન સચોટ હોય. છતાં આવા વ્યક્તિઓ પોતાને મહાન સમજીને લાંબુંલચ ભાષણ આપીને પોતાની જાતને વધુ મહાન ખપાવવાનો પ્રયત્ન કરતા હોય છે. આવા વ્યક્તિઓ પાસે નથી હોતું મનોવૈજ્ઞાનિક જ્ઞાન કે નથી હોતું જુદાજુદા વ્યવસાયનું જ્ઞાન. તેઓ તો પોતે જે રીતે સફળ થયા કે નિષ્ફળ નિવડયા તેને આધારે માર્ગદર્શન આપતા હોય છે. હકીકતમાં પોતાનો અનુભવ બધાને માટે સમાન પરિણામ ન આપે તેવો વિચાર આ લોકોને આવ્યો જ હોતો નથી. માર્ગદર્શન કે સલાહ આપવી સરળ બાબત છે, પણ સાચી દિશાની અને સફળતાના લક્ષ્ય સુધી પહોંચાડતા માર્ગદર્શન અને સલાહ આપવાં તે ખૂબ જ મુશ્કેલ છે. જે કામ માત્ર નિષ્ણાત વ્યક્તિઓ જ કરી શકે. પણ બને છે એવું કે, શાળા-કોલેજના પરિણામ બાદ મોટાભાગના લોકો નિષ્ણાત બની જાય છે. આમ જોવા જઇએ તો તેઓ નિષ્ણાત હોતા નથી, પણ વિદ્યાર્થી કે વાલી તેમની પાસે સામા પગલે દોડી જઇને નિષ્ણાત બનાવી દેતા હોય છે. માટે જ વિદ્યાર્થી અને વાલીએ માર્ગદર્શન માટે યોગ્ય વ્યક્તિ પાસે જ જવું જોઇએ. જેટલા વધારે વ્યક્તિની મુલાકાત એટલા વધુ અભિપ્રાય. અંતે જેની વાક્છટા સારી હશે તેની સલાહ વાલી માનવા તૈયાર થઇ જશે. જે ખતરારૂપ પણ બની શકે. ઘણાં વાલી એવું પણ માનતા હોય છે કે, ચાલોને સલાહ તો લઇએ પછી આપણે જે કરવું હોય તે કરીશું. આમ કરવું તો વધારે નુકશાન કારક બનશે. કારણ કે આમ કરવાથી તમારા પૂર્વે લીધેલા સાચા નિર્ણયોમાં પણ ડગી જવાશે. તમે તમારી જાતને કે નિર્ણય પર શક કરવા લાગશો. હંમેશાં એટલું યાદ રખો કે આ દુનિયામાં તમારા બાળકને તમે જ સૌથી સારી રીતે ઓળખી શકો છો. જો તમને પ્રવેશ અંગેનું પૂરતું જ્ઞાન ન હોય તો જ અન્ય નિષ્ણાત વ્યક્તિની સલાહ લો. આ નિષ્ણાત જો વિદ્યાર્થીને અને તમારા કુટુંબથી પરિચિત હોય તો તે અતિઉત્તમ બની રહેશે.

એટલું ધ્યાનમાં રાખવા જેવું છે કે, આ દુનિયામાં કોઇપણ પ્રવાહ કે વ્યવસાય નબળો કે હલકો નથી. તેનો આધાર તમે જે તે પ્રવાહમાં કયા સ્થાને છો તેના પર છે. સારા ગણાતા પ્રવાહમાં તમે છેલ્લે હશો તો તમારો કોઇ ભાવ પૂછવાનું નથી અને નબળા ગણાતા પ્રવાહમાં તમે આગળના સ્થાને હશો તો તમારી વાહવાહ હશે લોકો તમને શોધવા તમારા ઘેર આવશે. માટે જ્યાં પણ પ્રવેશ લેવાનો થાય ત્યારે ખૂબ જ

ધ્યાનમાં રાખવા જેવી બાબતો છે – વિદ્યાર્થીનો રસ, તમારી આર્થિકસ્થિતિ, કૌટુંબિક અને સામાજિક વાતાવરણ, વિદ્યાર્થીની શક્તિ અને મર્યાદા, કેટલો સમય ભોગ આપવાની તૌયરી છે તે. હંમેશા એટલું ધ્યાનમાં રાખો કે, **કોઇપણ વ્યક્તિ એવા ક્ષેત્રમાં જ સફળ થાય છે કે જેમાં તેને રસ હોય.** તેને જલેબી ગમતી હોય અને તમે ગુલાબજાંબું આપશો તો કદાચ તે લઇ લેશે, પણ તેને ભાવશે નહીં, તે જેમતેમ કરીને દવાની જેમ ઉતારી જશે. એવું જ જિંદગીમાં છે. તેને ભાવતું આપો તો તે હોંશેહોંશે ખાશે, વધારે ખાશે અને સરળતાથી પચાવીપણ જશે. વિદ્યાર્થીને જેમાં રસ છે તે જ ક્ષેત્રમાં જો તે હશે તો તેને મજા આવશે, તેને વાંચવું ગમશે, કામ કરવું ગમશે. માટે પોતાના રસના ક્ષેત્રને છોડીને બીજાના દોરવાયા દોરાવું તે હાથે કરીને પોતાના પર કુહાડી માર્યા બરાબર છે. ક્ષેત્ર પસંદ કરવા માટે ક્યારેય પૈસાને પ્રાધાન્ય ન આપો. જો પૈસાને જપ્રાધાન્ય આપવું હોય તો લાંબું ભણવાની જરૂર નથી કે ભણવા માટે મોટા ખર્ચા કરવાની પણ જરૂર નથી. તમે જયું હશે કે, કેટલાક લોકો ગોટા-ફાફડાની લારી કરીને પણ દરરોજના એક-બે હજાર રૂપિયા કમાય છે. તો જમીનની દલાલી કરતો માણસ પણ વર્ષે આઠ-દસ લાખ રૂપિયા સરળતાથી કમાય છે. આમ પૈસાને ધ્યાનમાં રાખી વ્યવસાય પસંદ કરશો તો ક્યારેય સફળ નહીં થાવ. પણ તમને ગમતી બાબતને ધ્યાનમાં રાખીને આગળ વધશો તો પૈસો અને નામ બંને મળશે.

નવો પ્રવેશ નકકી કરતી વખતે વિદ્યાર્થીના રસને ધ્યાનમાં  રાખો, ત્યારે જો તેમાં પણ વિકલ્પ જોવા મળે તો એવો વિકલ્પ પસંદ કરો કે, જે ક્ષેત્રમાં તમારા કુટુંબના કે ખૂબ જ નજીકના સગાં જોડાયેલ હોય અને તેઓ સફળ પણ હોય. આમ કરતાં ભવિષ્યમાં તે ક્ષેત્રમાં જોઇતી બાબતો તમને સરળતાથી મળી રહેશે. અભ્યાસબાદ આજનો વિદ્યાર્થી સફળ વ્યવાસાયિક બની જશે. ઉપરાંત આર્થિક સ્થિતિ. પસંદ કરેલ અભ્યાસ પાછળ કુલ કેટલો ખર્ચ થશે. તે વિચારો. હા... આજના સમયે બેંકમાંથી લોન મળી રહે છે. પણ તે લોન કેટલી મળશે તે પણ વિચારો અને પછી અભ્યાસક્રમ પસંદ કરો. સાથે વિદ્યાર્થીની શક્તિ અને મર્યાદા બંનેને ધ્યાનમાં રાખો. એક કિમી ચાલવામાં આળશ કરતો વિદ્યાર્થી પોલીસ ઇન્સપેક્ટર બનવા માંગે તો તે શક્ય જ નથી. તેવી જ રીતે કોઇને લોહી આવતું જોઇ ન શકનાર વ્યક્તિ ક્યારેય સફળ દાક્તર બની ન શકે. આમ તમારામાં રસની સાથે બીજી અન્ય કઇકઇ આવડત કે શક્તિ છે તેનો વિચાર કરો. અને તે પ્રમાણેનો કોર્સ પસંદ કરો. તમારી શારીરિક કે માનસિક જે મર્યાદાઓ છે તેને શોધો અને સહેજ પણ સંકોચ રાખ્યા સિવાય તેનો મનોમન સ્વીકાર કરો. તમારી મર્યાદા જ્યાં અવરોધરૂપ બનતી હોય તેવું ક્ષેત્ર કે અભ્યાસક્રમ પસંદ ન કરો.સૌ વિદ્યાર્થીમિત્રોને ભવિષ્ય માટેની શુભેચ્છા.